ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૭ ટકા

# મઘા નક્ષત્ર એક્ટીવ : મઘાના વરસાદનું પાણી ગંગાજળ સમાન

## મઘા નક્ષત્ર તા.૧૭ ઓગસ્ટથી ૩૦ ઓગસ્ટ સુધી : આ વરસાદના પાણીનો સંગ્રહ જેટલો વધુ કરી શકો તેટલો કરવો ઉત્તમ : મઘા નક્ષત્રમાં વરસાદનું પાણી સોનાના તોલે ગણાય છે





ગાંધીનગર, તા.૨૩

વર્ષા ઋતુમાં સુર્યનું મઘા નક્ષત્રનું ભ્રમણ ખુબ જ મહત્વનું છે. આ વર્ષે મઘા નક્ષત્રમાં સુર્યનું ભ્રમણ ૧૭ ઓગસ્ટએ સવારે ૭.૨૩ થી ૩૦ ઓગસ્ટે રાત્રીના ૩.૧૯ સુધી મઘા નક્ષત્રમાં રહેશે. આ દિવસોમાં વરસાદનું પાણી ગંગાજળ સમાન હોય છે તો આ ૧૪ દિવસમાં જેટલો પણ વરસાદ વરસે અને આપ જેટલું પણ વરસાદી પાણીનો સંગ્રહ કરી શકતા હોય તેટલો કરી લેજો. આ દિવસોમાં અગાસીમાં કે ખુલ્લા મેદાનમાં તાંબા, પિત્તળ, કાંસા અથવા તો સ્ટીલના બેડલા-માટલા એવી રીતે મુકો કે આ મઘાનો મોંઘો વરસાદ સીધો જ આપના મુકેલા જે-તે પાત્રોમાં ભરાઈ જાય.

એક પૌરાણિક માન્યતા પ્રમાણે ચાતક પક્ષી આખુ વર્ષ તરસ્યુ રહે છે અને મઘાના વરસાદનું જ પાણી પીવે છે. મઘાનો મોંઘો વરસાદ સોનાના તોલે ગણવામાં આવે છે.

મઘા કે બરસે, માતુ કે પરસે,

એટલે કે મા જો ખાવાનું પીરસે તો જ છોકરાનું પેટ ભરાય એમ મઘા નક્ષત્રના વરસાદથી ધરતી માતાની પાણીની તરસ છીપાય છે. જેનાથી પાક પણ ખુબ જ સારો થાય છે. વરસાદનું મઘા નક્ષત્રનું પાણી ગંગાજળ સમાન છે. આ પાણીને વાસણમાં ભરી રાખો તો પણ એમાં પોરા (કીડા) પડતા નથી. આ મઘા નક્ષત્રનું સંગ્રહ કરેલું વરસાદનું પાણી જો બાળકોને પીવડાવવામાં આવે તો તેમના પેટમાં જો કીડા હોય તો તે મરી જાય છે. તેને આખુ વર્ષ ભરી રાખવામાં આવે તો પણ તે એવું ને એવું જ રહે છે અને કોઈપણ રીતે બગડતું નથી. ખંભાતમાં અનેક ઘરોમાં વરસાદી પાણીના સંગ્રહ માટે મોટા ટાંકાઓ હતા અને હાલમાં પણ અમુક ઘરોમાં આ ટાંકાઓ જોવા મળે છે. જેમાં ખંભાતવાસીઓ વરસાદી પાણીનો સંગ્રહ કરતા અને આખું વર્ષ તેનો ઉપયોગ કરતા આવ્યા છે. સુર્ય જયારે મઘા નક્ષત્રમાં ભ્રમણ કરે છે ત્યારે જે વરસાદ વરસે તે પાણીનું મહત્વ છે. જેનો ઉપયોગ રોજીંદા જીવનમાં પીવા માટે અને રસોઈમાં પણ ઉપયોગ થાય છે.

### આ પાણીનો ઉપયોગ કઈ-કઈ રીતે કરી શકાય ?

આંખોના કોઈપણ રોગમાં આંખોમાં બે-બે ટીંપા નાંખી શકાય. પેટના કોઈપણ દર્દમાં આ મઘાનું પાણી પીવું ઉત્તમ છે. જો આપ કોઈ આયુર્વેદિક દવા લેતા હોવ તો તે આ મઘાના પાણી સાથે લેવાથી તેનો લાભ અતિ વધી જવા પામે છે.

# મહાત્મા મંદિર ખાતે સ્વરાજ શ્રેણી નિદર્શનનો કાર્યક્રમ

## મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના સભ્યો, પદાધિકારીઓએ નિહાળી






ગાંધીનગર, તા.૨૩

દૂરદર્શન દ્વારા તા.૧૪મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજથી ૧૫-મી સદીથી રાષ્ટ્રના ઐતિહાસિક વિકાસ, રાષ્ટ્રીય ચળવળના કેટલાક ભૂલાયેલા નરબંકાઓ અને રાષ્ટ્રીય ચળવળની ઝાંખી કરાવતી ૭૫- એપિસોડની એક મહત્વાકાંક્ષી સ્વરાજ ટી.વી શ્રેણીનો પ્રારંભ થયો છે. આ શ્રેણીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો, પદાધિકારીઓ, ઉચ્ચ સનદી અધિકારીઓએ આજે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે નિહાળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ શ્રેણીના પ્રસારણનો પ્રારંભ તા.૧૪મી ઓગસ્ટ, રવિવારના રોજથી ડીડી નેશનલ ચેનલ ઉપર રાત્રે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન શરૂ થઈ ચૂક્યો છે.



શ્રાવણ મહિનો હવે પૂર્ણતાના આરે છે ત્યારે મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમોના પરિણામે ભાવિકોની સંખ્યા વધતી જાય છે. સેક્ટર-૫ શિવશક્તિ મંદિર ખાતે શ્રી રાધા-કૃષ્ણ મહિલા મંડળ દ્વારા લઘુરૂદ્રનું આયોજન કરાયુ હતુ જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

# અરિહંત ઈન્સ્ટીટ્યુટ અને વીડીપીએ વચ્ચે ઉદ્યોગ સાહસિકતાના એમઓયુ




ગાંધીનગર, તા.૨૩

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટી. અડાલજ તથા યુથ ડેવલપમેન્ટ ફાર્માસ્યુટીકલ્સ એસો.અમદાવાદ અને સંસ્થાના પ્લેસમેન્ટ સેલ દ્વારા એન્ટરપ્રીનિયોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વકતવ્યમાં વિદ્યાર્થીઓની ઉજજવળ કારકીર્દી માટે ઉદ્યોગ એક સારૂ માધ્યમ તથા તેઓ પોતાની ઉદ્યોગ સાહસિકતા કઈ રીતે સારી વિકસિત કરી શકે તેનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં અરિહંત ઈન્સ્ટીટયુટ અને વીડીપીએ વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા હતા.

# પડતર પ્રશ્નો સંદર્ભે નવી રણનીતિ ઘડતું કર્મચારી મહામંડળ..!!

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ ઢુકડી આવી રહી છે, આ સમય સરકારનું નાક દબાવીને કામ કઢાવવાનો સમય છે તેવું જાણતાં વિવિધ સમુદાયોએ તેમના પડતર પ્રશ્નોને અનુલક્ષીને અવાજ બુલંદ કરવા માંડ્યો છે. આજે ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા જુની પેન્શન યોજનાના અમલ, સાતમા પગાર પંચના બાકી લાભ, નિવૃતિ વયમાં વધારો, ઉચ્ચત્તર પગાર ધોરણ જેવા પડતર પ્રશ્નોને અનુલક્ષીને એક સંકલન બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં કર્મચારીઓના વિવિધ નવ જેટલાં મહામંડળોના પદાધિકારીઓ તેમજ કર્મચારીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પડતર પ્રશ્નોનું સત્વરે નિરાકરણ નહીં આવે તો ઝોન વાઈઝ દરેક જિલ્લામાં આકસ્મિક કાર્યક્રમો તેમજ રેલીઓ યોજીને જલદ આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારવામાં હતી.




ગુજરાત રાજ્ય કર્મચારી મહમંડળની સામાન્ય સભાની બેઠક ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના પ્રમુખ સંજય પટેલના અધ્યક્ષ સ્થાને સ્ટાફ ટ્રેનીંગ કોલેજનાં ઓડિટોરિયમ હોલ ખાતે યોજવામાં આવી હતી. આ બેઠકમાં મહામંત્રી જી એન પટેલ, સિનિયર ઉપપ્રમુખ જયેશ ગોસ્વામી, સંગઠન મંત્રી મુકુંદ વીડજા ઉપરાંત ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, પંચાયત કર્મચારી મહાસંઘ, ધી ઓફિસર્સ ફેડરેશન, ધી સચિવાયલ ફેડરેશન, રાજ્ય શૈક્ષિક મહાસંઘ, રેવન્યુ કર્મચારી મંડળ, ન્યાયાલય કર્મચારી મહામંડળ, વર્ગ-૪ કર્મચારી મહામંડળ, બોર્ડ-નિગમ કર્મચારી મંડળ, મહાનગરપાલિકા કર્મચારી સંકલન સમિતિ, નગરપાલિકા કર્મચારી મહામંડળ,કોલેજ વહીવટી મહામંડળ, પેન્શનર સંકલન સમિતિ, પ્રાથમિક શિક્ષક સંઘનાં પદાધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કર્મચારીઓના પ્રશ્નો અંગે મહામંડળના સિનિયર ઉપપ્રમુખે જણાવ્યું હતું કે, કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સરકારમાં વારંવાર રજૂઆત કરવા છતાં સરકાર તરફથી નિરાકરણ લાવવા અંગે કોઈજ પ્રતિસાદ મળ્યો નથી. આથી જો સરકાર તરફથી કોઈ સત્વરે હકારાત્મક નિર્ણય કરવામાં નહીં આવે તો મહામંડળ દ્વારા ઝોન વાઈઝ જીલ્લાઓમાં આકસ્મિક કાર્યક્રમો તથા રેલીઓ યોજવા જેવા જલદ આંદોલનાત્મક કાર્યક્રમો આપવાનુ સાધારણ સભામાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે.

# જન્મદિને વધામણી



ડો. સંજીવ શાહ
(સિનિયર ડેન્ટીસ્ટ)
મો. ૯૮૨૪૦ ૧૩૭૬૪



જયોત્સનાબેન ઝવેરી
(નિવૃત્ત નાયબ ભાષા નિયામક)
મો. ૯૯૦૪૩ ૮૦૧૭૩



ડો.જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮



જાડેજા દિવ્યરાજસિંહ
મો. ૯૬૨૪૬ ૨૧૪૧૬



રાજેશ્રીબેન હેમેન્દ્ર ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫



મધુકર એફ પરમાર
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



ગાર્ગી પસારી ઠક્કર
મો. ૯૬૨૪૦ ૩૪૩૫૩



પટેલ રિતેષ વિષ્ણુભાઈ



ઉષાકાન્ત વસાવડા
સ્વાતિ વસાવડા



કૈરન્સ ડાભી
મો. ૮૯૮૦૯ ૨૪૨૧૦



પરેશ દવે
મો. ૯૮૨૪૦ ૨૪૭૧૮



ધ્વનિ રાણા

# સ્ટીરીયો કેમેસ્ટરી વિષયે ડો. ઉમેશ તરપદા દ્વારા લેક્ચર



ગાંધીનગર, તા.૨૩

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ દ્વારા એક્સપર્ટ લેક્ચરનું આયોજન કરવામા આવ્યું હતું. ડો. ઉમેશ તરપદાએ સ્ટીરીયો કેમેસ્ટ્રી ઉપર લેક્ચર આપ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રો. ચિંતન પટેલ, પ્રો. ભાવિક પટેલ તથા પ્રો. સલોની જોશીએ વિદ્યાર્થીઓ માટે સુંદર પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. કાર્યક્રમનું સફળ માર્ગદર્શન આપવા માટે ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા પ્રિન્સિપલ દ્વારા મહેનત કરવામાં આવી હતી.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ગજ્જર ચૈતાલીબેન પંકજભાઈ** ઉ.વ.૫૪, સેકટર-૨૬
- **સ્વ.મકવાણા જગાજી અવજીજી** ઉ.વ.૫૦, બીલમણા, દહેગામ
- **સ્વ.ઠાકોર ગજીબેન મોહનજી** ઉ.વ.૬૪, આદરજમોટી
- **સ્વ.પંચાલ નયનાબેન કનુભાઈ** ઉ.વ.૪૩, સાદરા
- **સ્વ.ઠાકોર સવિતાબેન જયંતિજી** ઉ.વ.૬૨, જેઠીપુરા
- **સ્વ.સોલંકી સોનલબેન અનિલભાઈ** ઉ.વ.૪૪, સેકટર-૧૩

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.ભંગી જીવણભાઈ ચીમનભાઈ** ઉ.વ.૫૦, ધોળાકુવા
- **સ્વ.પરમાર કાંતિલાલ વિઠ્ઠલદાસ** ઉ.વ.૭૯, સેકટર-૪